

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
આંખ વિભાગ
ડૉ. અનિકેત પટેલ (આંખના નિષ્ણાંત સર્જન)
સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૫:૦૦
આંખની સંપૂર્ણ તપાસ, નંબર કાઢવા, મોતિયાના ઓપરેશનની સેવા, પડદાની તકલીફ અને ઝામર અંગે માર્ગદર્શન.
અત્યંત રાહત દરે સેવા
અમારી વિશિષ્ટ સ્કીમ મુજબ, નિયત કરેલ, ટાંકા વગરનું આંખનું ઓપરેશન ફી કરી આપવામાં આવશે.
પેશન્ટે ફકત કન્સલ્ટેશન ફી અને રિપોર્ટનો ખર્ચ કરવો પડશે.
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૩ કારતક સુદ પાંચમ શનિવાર ૧૪ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ - અંક : ૨

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

માઈક્રોસોફ્ટ સિસ્ટમ ઠપ થતાં વૈશ્વિક અરાજકતા

માઇક્રોસોફ્ટની સેવાઓ ખોરવાવાને કારણે વિશ્વભરમાં કંપનીઓ, સરકારોની કામગીરીને વ્યાપક અસર

આઉટલુક, ટીમ્સ અને AI આસિસ્ટન્ટ કોપાયલટ સહિતની સેવાઓ બંધ, 74 દેશોના લાખો યુઝરો અટવાયા

અનેક દેશોમાં ઉદ્યોગ-ધંધાઓ, સરકારી વિભાગો, કોર્ટ, તબીબી સેવાઓ વગેરેની કામગીરીઓ અસરગ્રસ્ત

આઉટેજ શરૂ થયાના કલાકો પછી પણ સેવાઓ ફરી સ્થાપિત કરવાના પ્રયાસોને પુરી સફળતા નહીં

હોંગકોંગ, તા. ૧૩ : એશિયાથી લઈને અમેરિકા સુધી, આઉટલુક અને ટીમ્સ જેવી સેવાઓને સંડોવતો માઇક્રોસોફ્ટનો આઉટેજ કલાકો સુધી લંબાયો છે, જેના કારણે દુનિયાના



અનેક દેશોના વપરાશકર્તાઓ, કંપનીઓ અને કેટલીક સરકારી કામગીરીઓ પ્રભાવિત થઈ છે, જ્યારે કે આ ટેકનોલોજી દિગ્ગજ કંપની શુક્રવારે સાંજે 20 કરતાં પણ વધુ કલાકો વિતવા છતાં પણ સમસ્યાને ઉકેલવા માટે સંઘર્ષ કરી રહી હતી.

માઇક્રોસોફ્ટે શુક્રવારે એક અપડેટમાં જણાવ્યું હતું કે આ આઉટેજ તેના એક્સચેન્જ ઓનલાઈન અને ઈમેલ સેવાઓ સાથે જોડાયેલી માઇક્રોસોફ્ટ ૩૬૫ની વિશાળ શ્રેણીની સેવાઓને અસર કરી રહ્યો છે. વપરાશકર્તાઓ દ્વારા આઉટલુક, ટીમ્સ અને AI આસિસ્ટન્ટ કોપાયલટ સહિતની સેવાઓ બંધ હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. આ આઉટેજ ગુરુવારે જ શરૂ થઈ ગયો હોવાનું માનવામાં આવે છે અને શુક્રવારે તે બીજા દિવસમાં પ્રવેશ્યો હતો. ગુરુવારે રાતના ૧૧.૩૦ વાગ્યાથી અત્યાર સુધીમાં આઉટલૂકને લગતી ૧.૪૦ લાખ ફરિયાદો મળી છે. દુનિયાના ૭૪ જેટલા દેશોમાં આની અસર જોવા મળી રહી છે. રેડમન્ડ, વોશિંગ્ટન સ્થિત કંપનીએ જણાવ્યું હતું કે તે સમસ્યાનું કારણ શોધવા અને તેના સર્વરને ફરીથી ઓનલાઈન લાવવા માટે વિવિધ રીતો અજમાવી રહી છે, અને "અસરગ્રસ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઓળખવા અને સુધારવા માટે સંતુલિત અભિગમ" અપનાવી રહી છે. કંપની દ્વારા 'X' પર કરવામાં આવેલી પોસ્ટ્સની શ્રેણી પરથી સંકેત મળે છે કે તેના એન્જિનિયરો સમસ્યાને સંપૂર્ણપણે નિયંત્રણમાં લાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. શુક્રવારે મોડેથી માઇક્રોસોફ્ટે જણાવ્યું હતું કે એશિયા-પેસેફિક ક્ષેત્રમાં તેની સેવાઓ તબક્કાવાર બહાલ કરવામાં આવી રહી છે.

ઓસ્ટ્રેલિયામાં, ગૃહ બાબતોના મંત્રી ટોની બર્કે શુક્રવારે જણાવ્યું હતું કે માઇક્રોસોફ્ટે આ વ્યાપક આઉટેજની સરખામણી ૨૦૨૪ના ક્રાઉડસ્ટ્રાઈક આઉટેજ સાથે કરી છે. બર્કે જણાવ્યું હતું કે તેમણે વૈશ્વિક વિક્ષેપ અંગે ઓસ્ટ્રેલિયામાં માઇક્રોસોફ્ટના ટોચના એક્ઝિક્યુટિવ અને સરકારના રાષ્ટ્રીય સાયબર સુરક્ષા સંયોજક સાથે વાત કરી હતી. એશિયન નાણાકીય હબ એવા હોંગકોંગની કેટલીક બેંકોની કામગીરીમાં પણ આંશિક વિક્ષેપ જોવા મળ્યો હતો. સિંગાપોરની ગવર્નમેન્ટ ટેકનોલોજી એજન્સીએ જણાવ્યું હતું કે સરકારી ઈમેલ બંધ થઈ ગયા છે. ફિલિપાઈન્સની સુપ્રીમ કોર્ટે 'X' પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચાલી રહેલા માઇક્રોસોફ્ટ ૩૬૫ સર્વિસ આઉટેજથી ઈમેલ પ્રતિભાવો સહિતની તેની કેટલીક કામગીરીઓ પ્રભાવિત થઈ છે. જાપાનમાં, નાયબ મુખ્ય કેબિનેટ સચિવ માસાનાઓ ઓઝાકીએ જણાવ્યું હતું કે આઉટેજથી સરકારના આઈટી (IT) ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અસર થઈ છે અને તેઓ "ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખી રહ્યા છે."

ભારતમાં એરલાઇનોની કામગીરીને અસર : સ્પાઇસ જેટની કેટલીક ફ્લાઇટો રદ

દેશના ફાયનાશિયલ સેક્ટરની કામગીરીને પણ અસર



માઇક્રોસોફ્ટ આઉટેજથી ભારતની વિવિધ એરલાઇનોને વધતી ઓછી અસર થઇ છે. ભારતની મુખ્ય એરલાઇન એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે વૈશ્વિક માઇક્રોસોફ્ટ આઉટેજથી તેની ફ્લાઇટ કામગીરી પર કોઇ મોટી અસર થઇ નથી. જો કે, કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગ્રાહકોની પૂછપરછ કોઇપણ વિક્ષેપ વિના એરલાઇન સુધી પહોંચતી રહે તે સુનિશ્ચિત કરવા માટે તેણે અસ્થાયી રૂપે તેની ઇમેલ સેવાઓનો રૂટ બદલ્યો છે. અન્ય એક ભારતીય એરલાઇન કંપની ઇન્ડિગોએ જણાવ્યું હતું કે તેની ઇમેલ સપોર્ટ સેવાઓમાં વિક્ષેપ નોંધાયો છે, જેનાથી ગ્રાહકોની પૂછપરછ મેળવવાની તેની ક્ષમતા પ્રભાવિત

...અનુસંધાન પાના 11 પર

બે વર્ષ પહેલા પણ માઇક્રોસોફ્ટની સેવાઓ ખોરવાઈ હતી, ત્યારે રૂ. ૯૦૬ કરોડનું નુકસાન થયું હતું

બે વર્ષ પહેલાં, 19 જુલાઇ 2024ના દિવસે માઇક્રોસોફ્ટમાં આજના આ આઉટેજથી પણ મોટો આઉટેજ થયો હતો. તેને ટેક ઉદ્યોગમાં સૌથી મોટા આઉટેજમાંનો એક માનવામાં આવતો હતો. વિશ્વભરની એરલાઇન્સ પણ ખોરવાઈ ગઈ હતી, જેના કારણે વિમાનો એરપોર્ટ પર અટવાઈ ગયા હતા.આના પરિણામે વિશ્વભરમાં અંદાજિત 5.4 બિલિયન ડોલર અર્થાત અંદાજે રૂ. 906 કરોડનું નુકસાન થયું હતુ. સુરક્ષા વિક્રેતા ક્રાઉડસ્ટ્રાઇકના ખામીયુક્ત સોફ્ટવેર અપડેટને કારણે થયેલી આ ઘટનાના કારણે વિશ્વભરમાં લાખો વિન્ડોઝ સિસ્ટમ ક્રેશ થઈ ગઈ, જેના કારણે એરલાઇન્સ, બેંકિંગ સંસ્થાઓ અને અસંખ્ય વ્યવસાયો પર અસર પડી. તે દિવસે વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમ (OS) ચલાવતા કમ્પ્યુટર અને લેપટોપની સ્ક્રીન અચાનક વાદળી થઈ ગઈ. આને બ્લુ સ્ક્રીન ઓફ ડેથ (BSOD) નામ આપવામાં આવ્યું હતું.

સાયબર હુમલાને કારણે આ આઉટેજ સર્જાયું હોવાનો સંકેત નથી: માઇક્રોસોફ્ટ

સમસ્યા કોઈ કન્ફિગરેશન ફેરફારને કારણે થઈ હોવાનું જણાય છે

માઇક્રોસોફ્ટ કંપનીએ જણાવ્યું હતું કે આ આઉટેજ કોઈ દુર્ભાવનાપૂર્ણ પ્રવૃત્તિ(સાયબર હુમલા)ને કારણે થયો હોવાના કોઈ સંકેત નથી અને તે સંપૂર્ણ નિરાકરણ ન આવે ત્યાં સુધી તાકીદ અને પ્રાથમિકતા સાથે આ ઘટના પર કામ કરશે. માઇક્રોસોફ્ટ આ વિક્ષેપ અંગે તપાસ કરી રહ્યું છે, અને આ સમસ્યા કોઈ કન્ફિગરેશન ફેરફારને કારણે થઈ હોવાનું જણાય છે, જેના લીધે કેટલાક સર્વર ઓવરલોડ થઈ ગયા હતા અને ઉપલબ્ધ નહોતા. કંપનીના પ્રારંભિક અપડેટ્સમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર વધેલા લોડ અને કનેક્ટિવિટીની સમસ્યાઓ તરફ નિર્દેશ કરવામાં આવ્યો હતો. જેમ-જેમ અસરગ્રસ્ત સર્વર બંધ થતા ગયા, તેમ-તેમ ટ્રાફિકને અન્ય મશીનો તરફ વાળવામાં આવ્યો, જેના કારણે બાકીના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર દબાણ વધી ગયું. નવી ખોરવણી ટાળવાની કાળજી રાખીને કામ કરવું પડતું હોવાથી સેવા ફરી સ્થાપિત કરવામાં લાંબો સમય લાગી રહ્યો હોવાનું જણાવાયું છે.

માઇક્રોસોફ્ટની કઈ સેવાઓ પ્રભાવિત થઈ?

માઇક્રોસોફ્ટ આઉટલુક (ઈમેલ)
માઇક્રોસોફ્ટ ટીમ્સ (ઓનલાઈન મીટિંગ અને ચેટ)
શેરપોઈન્ટ ઓનલાઈન (ફાઇલ શેરિંગ પ્લેટફોર્મ)
માઇક્રોસોફ્ટ કોપાયલોટ 365 (AI ટૂલ)
માઇક્રોસોફ્ટ ડિફેન્ડર (સાઇબર સુરક્ષા સેવા)
માઇક્રોસોફ્ટ પ્લાનર અને એક્સચેન્જ ઓનલાઈન

મણિપુરમાં ચાલુ રહેલો હત્યાઓનો દોર: નાગ સમુદાયના ચારની હત્યા

કુકી મહિલાની હત્યા થઇ તેના બીજા દિવસે નાગ વંશીય લોકોને નિશાન બનાવાયા

ઇમ્ફાલ, તા. ૧૩(પીટીઆઈ): પડોશી સેનાપતિ જિલ્લામાં એક કુકી મહિલાની ગોળી મારીને હત્યા કરાયાના એક દિવસ બાદ, શુક્રવારે મણિપુરના ઉખરુલ જિલ્લામાં શંકાસ્પદ આતંકવાદીઓએ બે વાહનો પર ગોળીબાર કરતા બે મહિલાઓ સહિત ચાર નાગ વંશીય લોકોના મોત થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

વિપક્ષ કોંગ્રેસે શાંતિ માટેનો રોડમેપ લાવવામાં નિષ્ફળ રહેવા બદલ રાજ્યની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, શુક્રવારે બપોરે લગભગ ૧ વાગ્યે ઇમ્ફાલ-ઉખરુલ રોડ પર ન્યૂ હેવન વિસ્તારમાં સશસ્ત્ર બળવાખોરોએ બે ફોર-વ્હીલર વાહનો પર ગોળીબાર કર્યો હતો, જેમાં અલગ-અલગ પરિવારના એક મહિલા અને તેમના પુત્ર તથા બે ભાઈ-બહેનની હત્યા થઈ હતી. તેમણે કહ્યું, "બંને કારમાં મુસાફરી કરી રહેલા બે પુરુષો અને બે મહિલાઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. બંને વાહનોની વિન્ડશિલ્ડ પર ગોળીઓના નિશાન જોવા મળ્યા હતા." મૃતકોમાંથી બેની ઓળખ શાંગશાક ગામના હાઓલેઇલા અને તેમના પુત્ર કાપાંગખુઈ તરીકે થઈ છે. માર્યા ગયેલા અન્ય બે વ્યક્તિઓ તાશર ગામના રહેવાસી ઓગસ્ટ નગાલુંગ અને તેમની બહેન ખાનમિલા હતા. પડોશી સેનાપતિ જિલ્લામાં હરીફ જૂથો વચ્ચે થયેલી ગોળીબારની ઘટનામાં ૪૨ વર્ષીય કુકી મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી અને બે પુરુષો ઘાયલ થયા હતા, તેના એક દિવસ બાદ આ ઘટના બની હતી. ઉખરુલના એક કુકી સંગઠને આ હત્યાઓમાં કુકી-ઝો સમુદાયની કોઈપણ પ્રકારની સંડોવણી હોવાનો ઇનકાર કર્યો છે.

મણિપુરમાં, મે ૨૦૨૩માં ખીણમાં વસતા મૈતેઇ અને પહાડી વિસ્તારોમાં વસતા કુકી સમુદાયો વચ્ચે ફાટી નીકળેલા વંશીય સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૦૬ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૪૯ લોકો હજુ પણ લાપતા છે અને હજારો લોકો બેઘર બન્યા છે. આ વર્ષે પહાડી જિલ્લાઓમાં કુકી અને નાગા સમુદાયો વચ્ચે પણ અથડામણો નોંધાઈ છે, જેમાં ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૫૦ લોકોના મોત થયા છે.

તનાવ વચ્ચે બાંગ્લાદેશ સાથે ભવિષ્યલક્ષી સંબંધોની ભારતની હાકલ

આવતા સપ્તાહે યોજાનારી કોન્સ્યુલર વાટાઘાટો મુલતવી રહી તે પછી ભારતનું મહત્વનું નિવેદન

નવી દિલ્હી, તા. ૧૩(પીટીઆઈ): ભારતે શુક્રવારે જણાવ્યું હતું કે તે બાંગ્લાદેશ સાથે "સકારાત્મક, રચનાત્મક અને ભવિષ્યલક્ષી" સંબંધોની ઈચ્છા રાખે છે. ચાલી રહેલા રાજદ્વારી તણાવ અને દ્વિપક્ષીય કોન્સ્યુલર વાટાઘાટો મુલતવી રાખવા વચ્ચે આ નિવેદન આવ્યું છે.

૫ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના વર્ચ્યુઅલ મીડિયા સંવાદ બાદ બંને પાડોશી દેશો વચ્ચેના સંબંધોમાં ફરી તણાવ ઊભો થયો હતો. ભારત-બાંગ્લાદેશ કોન્સ્યુલર વાટાઘાટો આગામી સપ્તાહે યોજાવાની હતી, પરંતુ તેને મુલતવી રાખવામાં આવી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેમની નિયમિત મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "ભારત બાંગ્લાદેશ સાથે સકારાત્મક, રચનાત્મક અને ભવિષ્યલક્ષી સંબંધો ઈચ્છે છે." તેમણે વધુમાં કહ્યું કે, "આ જ દિશામાં વેપાર, રેલવે, જળ સંસાધન અને સરહદ વ્યવસ્થાપન સહિતના વિવિધ ક્ષેત્રોમાં અમારી માળખાગત વ્યવસ્થા હેઠળ પહેલ કરવામાં આવી છે અને બેઠકો યોજવામાં આવી છે."

જયસ્વાલે જણાવ્યું હતું કે કોન્સ્યુલર વાટાઘાટોનો આગામી તબક્કો, જેમાં સુધારેલી મુસાફરી વ્યવસ્થા સંબંધિત બાબતો પણ હાથ ધરવામાં આવશે, તે પરસ્પર અનુકૂળ તારીખે યોજાશે. તેમણે ઉમેર્યું કે, "ભારત ટેકનિકલ સ્તર સહિત આ વર્તમાન વ્યવસ્થાઓ દ્વારા બાંગ્લાદેશ સાથે તમામ

...અનુસંધાન પાના 11 પર



આસામમાં મિનીબસ અને ટ્રક ભટકાતાં 26નાં મોત, 20ને ઇજા

પ્રખ્યાત કાઝીરંગા નેશનલ પાર્ક નજીક હાઇ-વે પર અકસ્માત થયો, ઇજાગ્રસ્તોમાંથી કેટલાકની હાલત ગંભીર

મૃતકોમાંથી મોટાભાગના કોલેજના વિદ્યાર્થીઓ હોવાના અહેવાલ

કાઝીરંગા(આસામ), તા. ૧૩(પીટીઆઈ): આસામમાં કાઝીરંગા નેશનલ પાર્ક નજીક શુક્રવારે એક મિનીબસ અને કન્ટેનર ટ્રક વચ્ચે સામસામે થયેલી ટક્કરમાં બે મહિલાઓ અને એક સગીર સહિત ઓછામાં ઓછા 26 લોકોનાં મોત થયા છે અને અન્ય 20 લોકો ઘાયલ થયા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ અકસ્માત નેશનલ હાઈવે-૭૧૫ પર કોહોરા રેન્જમાં હાથીકુલી ટી એસ્ટેટ નજીક રંગાજાન ખાતે ત્યારે થયો જ્યારે એક પેસેન્જર વાહન ટ્રક સાથે અથડાયું હતું. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ બિશ્વનાથ ખાતે એક સત્તાવાર કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે, બપોરે કાઝીરંગા નેશનલ પાર્ક નજીક એક ખૂબ જ દુ:ખદ અકસ્માત થયો છે. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ 26 લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃતકોમાં કોલેજના વિદ્યાર્થીઓ પણ સામેલ છે. તેમણે ઉમેર્યું હતું કે, ગંભીર રીતે ઘાયલ થયેલા ઘણા લોકોની બોકાખાટ સિવિલ હોસ્પિટલ અને જોરહાટ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મૃતકોમાં ઘણા કોલેજના વિદ્યાર્થીઓ હતા, જેઓ પોતાના વર્ગોમાંથી પરત ફરી રહ્યા હતા. શરૂઆતમાં મૃત્યુઆંક 24 જણાવાયો હતો, બાદમાં એક વરિષ્ઠ ડોકટરે 26નો મૃત્યુઆંક આપ્યો હતો.

અગાઉ, ગોલાઘાટ જિલ્લાના એક એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે ઘાયલોમાંથી ઘણાની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ઘાયલ લોકોને હોસ્પિટલ પહોંચાડવા માટે પહેલેથી જ નવ એમ્બ્યુલન્સ કાર્યરત છે. અહીંના

...અનુસંધાન પાના 11 પર

પાકિસ્તાની સુરક્ષા દળો પર આત્મઘાતી હુમલો, પાંચના મોત

કરાચી, તા. 13 : પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં એક સુરક્ષા ચેકપોસ્ટ પર થયેલા કાર બોમ્બ વિસ્ફોટમાં પાંચના મોત થયા છે અને 13 અન્ય ઘાયલ થયા છે. એક સુરક્ષા અધિકારીએ શુક્રવારે આ માહિતી આપી હતી.

નામ ન આપવાની શરતે અધિકારીએ જણાવ્યું હતું કે, આ હુમલો ગુરુવારે મસ્તુંગ જિલ્લાના કંદાવા વિસ્તારમાં થયો હતો, જ્યાં વિસ્ફોટકોથી ભરેલું એક વાહન ફ્રન્ટિયર કોર્પ્સની ચેકપોસ્ટ સાથે અથડાવવામાં આવ્યું હતું. માર્યા ગયેલા 3 આતંકવાદીઓમાં આત્મઘાતી હુમલાખોરનો પણ સમાવેશ થાય છે, જ્યારે વિસ્ફોટમાં 2 નાગરિકોના પણ મોત થયા છે. ઘાયલ થયેલા 13 લોકોમાં ફ્રન્ટિયર

...અનુસંધાન પાના 11 પર

તા.૧૩-૧૧-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન
મહત્તમ ૩૫.૦° સે. | લઘુત્તમ ૧૬.૫° સે. | ભેજ ૩૭%

મોદી મારા ફોન ટેપ કરાવે છે તેના મારી પાસે પુરાવા છે : રાહુલ ગાંધી

વડાપ્રધાનને પોતાની સાથે જાહેર ચર્ચા કરવા માટે રાહુલ ગાંધીએ ફરી પડકાર

આવી ચર્ચાથી મોદીની રાજકીય કારકિર્દીનો અંત આવી જવાનો રાહુલનો દાવો



નવી દિલ્હી, તા. ૧૩(પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદી સામે જાહેર ચર્ચાના પોતાના પડકારને વધુ તેજ બનાવતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે આક્ષેપ કર્યો હતો કે મોદી વિરુદ્ધના આરોપોના પુરાવા તેમની પાસે ફોનમાં છે, જેનું વડા પ્રધાન દ્વારા ટેપિંગ કરવામાં આવી રહ્યું છે.

ગાંધીએ એવો દાવો પણ કર્યો હતો કે તેમની સાથેની સામ સામી જાહેર ચર્ચા મોદીની રાજકીય કારકિર્દીનો અંત લાવી દેશે. ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી' સત્ર દરમિયાન એક પ્રશ્નનો જવાબ આપતી વખતે ગાંધીએ જણાવ્યું હતું કે, ભાજપે જ્યારે એમ કહ્યું છે કે ચર્ચા સંસદમાં થઈ શકે છે, ત્યારે તેઓ શા માટે જાહેરમાં ચર્ચાનો આગ્રહ રાખી રહ્યા છે? તેના જવાબમાં તેમણે કહ્યું કે તેમને ગૃહમાં બોલવાની મંજૂરી આપવામાં આવતી નથી અને તેમનું માઇક્રોફોન પણ બંધ કરી દેવામાં આવે છે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ કહ્યું, "તમે મને કૃષિ બિલ, વોટ ચોરી, એસઆઇઆર, ચીન, નરવાણેના પુસ્તક અને એપસ્ટીન પર બોલવા દીધો નથી. હું સામ સામી ચર્ચા ઈચ્છું છું. મારે લાંબા ભાષણોવાળી ચર્ચા જોઈતી નથી." ગાંધીએ કહ્યું, "હું ઈચ્છું છું કે નરેન્દ્ર મોદી મારા પર આરોપો મૂકે અને હું તેમના પર આરોપો મૂકું. તેઓ આવી શકે છે; એક ટેબલ હશે, એક બાજુ નરેન્દ્ર મોદીજી હશે અને બીજી બાજુ હું હોઈશ." તેમણે ઉમેર્યું કે જો અદાણી જૂતના અધ્યક્ષ ગૌતમ અદાણી અથવા આરએસએસના વડા મોહન ભાગવતને ચર્ચા માટેના ન્યાયાધીશ (જજ) તરીકે નિયુક્ત કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી. ગાંધીએ કહ્યું, "પરંતુ હું ખાતરી આપું છું કે મારી સાથેની વન-એન્ડ-વન ડિબેટ પછી વડા પ્રધાન પીએમ રહેશે નહીં."

આ સત્ર દરમિયાન અન્ય એક પ્રશ્નના જવાબમાં ગાંધીએ જણાવ્યું હતું કે તેમના તમામ આરોપોના

...અનુસંધાન પાના 11 પર

અમેરિકાએ ઈરાનના બે ડ્રોન તોડી પાડ્યા : અમેરિકી રડાર પર હુમલાનો ઈરાનનો દાવો

હોર્મુઝની ખાડીમાં એક જહાજ સુરંગ સાથે ભટકાયું, કોઇ જાનહાનિના અહેવાલ નહીં

દુબઈ, તા. ૧૩(એપી): અમેરિકી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે બહેરીન તરફ આવી રહેલા બે ઈરાની હુમલાખોર ડ્રોનને તોડી પાડ્યા છે, જ્યારે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે દાવો કર્યો છે કે તેણે રાજ્યમાં આવેલી અમેરિકી અર્લી વોર્નિંગ રડાર સિસ્ટમ પર હુમલો કર્યો છે. ગાર્ડે એમ પણ જણાવ્યું હતું કે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાનો પ્રયાસ કરતી વખતે એક ટેન્કર નૌકાદળની સુરંગ સાથે અથડાયું હતું, જેના કારણે વિસ્ફોટ થયો હતો.

રડાર પર હુમલો કરવાના ઈરાનના દાવાની કે ટેન્કરની ઘટનાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી.

અમેરિકી સૈન્યએ શુક્રવારે જણાવ્યું હતું કે તેણે બહેરીન તરફ જતા બે ઈરાની હુમલાખોર ડ્રોનને તોડી પાડ્યા છે, અને રાજ્યમાં અમેરિકી રડાર સિસ્ટમ પર હુમલો કરવાના ઈરાનના દાવાને નકારી કાઢ્યો છે. આ ક્ષેત્રને આવરી લેતા અમેરિકી કમાન્ડ સેન્ટર સેન્ટકમે જણાવ્યું હતું કે કોઈ જાનહાનિ કે નુકસાન થયું નથી. ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સી 'ઈરના' એ

...અનુસંધાન પાના 11 પર